# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,ગાંધીનગર.

## અખબારી યાદી

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની અખબાર યાદી જણાવે છે કે ઉ.મા.પ્ર.પરીક્ષા. માર્ચ-૨૦૨૨ (ધોરણ-૧૨) સામાન્ય પ્રવાહ, વ્યવસાયલક્ષી પ્રવાહ, ઉ.ઉ.બુ પ્રવાહ અને સંસ્કૃત મધ્યમા પ્રવાહની પરીક્ષાનું પરિણામ તા.૦૪/૦૬/૨૦૨૨ના રોજ જાહેર થયેલ હતું. પરિણામ બાદ ગુણચકાસણી માટે નિયત સમયમર્યાદામાં મળેલ અરજીઓ પરત્વે ચકાસણીની પ્રકિયાને અંતે થયેલ આખરી સુધારા (Change/ No Change) દર્શાવતો રીપોર્ટ, બોર્ડની વેબસાઈટ પર ઓનલાઈન મુકવામાં આવેલ છે. અરજી કરેલ ઉમેદવારે પોતાનો રીપોર્ટ બોર્ડની વેબસાઈટ www.gseb.org અથવા hsc.gseb.org પરથી તા.૨૮/૦૬/૨૦૨૨ થી તા.૧૧/૦૭/૨૦૨૨ સુધી તેમના દ્વારા કરવામાં આવેલ અરજીની વિગતો (Seat Number, Mobile Number અને પાસવર્ડ) એન્ટર કરી, લોગ-ઈન થઈ, ઓનલાઈન ડાઉનલોડ કરવાના રહેશે.

વધુમાં જણાવવાનું કે ગુણચકાસણી બાદ જે વિદ્યાર્થીઓના પરિણામમાં સુધારો થયેલ હોય તે વિદ્યાર્થીઓના ગુણપત્રક/પ્રમાણપત્રક સંબંધિત શાળાઓને મોકલી આપવામાં આવશે. શાળાઓએ આ ગુણપત્રક/પ્રમાણપત્રક સંબંધિત વિદ્યાર્થીઓને સત્વરે વિતરણ કરી, તેમની પાસેથી અગાઉ મળેલ ગુણપત્રક/પ્રમાણપત્રક પરત મેળવી બોર્ડની કચેરી "ક-૧" શાખામાં જમા કરાવવાના રહેશે. ગુણચકાસણી બાદ જે વિદ્યાર્થીઓ એક વિષયમાં અનુત્તિર્ણ રહેતા હોય અને પૂરક પરીક્ષાને પાત્ર થતા હોય તેવા વિદ્યાર્થીઓના બેઠક નંબર અને નામ સાથેની યાદી શાળાના લેટરહેડ પર તૈયાર કરી જરૂરી પરીક્ષા ફી (જો ભરવા પાત્ર હોય તો)નો **સચિવ, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,** ગાંધીનગરના નામે ડિમાન્ડ ડ્રાફ્ટ કઢાવી, જરૂરી દસ્તાવેજો સાથે મદદનીશ સચિવ (સામાન્ય પ્રવાહ)ના નામે રજિસ્ટર્ડ પોસ્ટથી અથવા રૂબરૂમાં તા.૦૬/૦૭/૨૦૨૨ સુધીમાં મોકલી આપવાના રહેશે. સરકારશ્રી દ્વારા કન્યા અને દિવ્યાંગ ઉમેદવારોને પરીક્ષા ફી માંથી મુક્તિ આપેલ હોઈ તેમની ફી લેવાની થતી નથી પરંતુ પૂરક પરીક્ષા માટે આવેદનની વિગતો મોકલવી ફરજીયાત છે.

ઉમેદવારોએ ગુણચકાસણી રિપોર્ટ ફક્ત ઓનલાઈન માધ્યમથી જ ડાઉનલોડ કરવાના રહેશે. શાળા કે વિદ્યાર્થીઓને જવાબ ટપાલ દ્વારા મોકલવાની પદ્ધતિ અમલમાં નથી. જેની શાળાના આચાર્યશ્રીઓ, વાલીઓ તથા તમામ વિદ્યાર્થીઓને નોંધ લેવા વિનંતી.

(ડૉ. અવનીબા મોરી)
નાયબ નિયામક (પરીક્ષા)
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

તારીખ:૨૮/૦૬/૨૦૨૨
સ્થળ : ગાંધીનગર

Scanned with CamScanner

ક્ર.નં. મા.શ/૨૦૨૨/૮૫૬૨

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી
સુરત. જિ. સુરત
તા. ૨૮/૦૬/૨૦૨૨

પ્રતિ,

આચાર્યશ્રી
તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ
સુરત. જિ. સુરત.

District Education Officer
Surat. Dist. Surat

Scanned with CamScanner